**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૯.૫ ડીગ્રી
લઘુતમ : ૨૧.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૧૮ ટકા

# શહેરમાં વિશ્વ હોમિયોપેથી દિવસ ઉજવાયો

## સે-૨૪માં આંગણવાડીના બાળકો માટે નિદાન કેમ્પનું આયોજન કરાયું : કુપોષિત બાળકોને દવાઓ અને તાજા ફળોનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૧૦

આજે ગાંધીનગરમાં વિશ્વ હોમિયોપેથી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. હોમિયોપેથી ચિકિત્સા પધ્ધતિના શોધક ડૉ. સેમ્યુઅલ હનેમાનની જન્મ જયંતિ નિમિત્તે ઉજવાતા આ દિવસે સેકટર-૨૪માં બાળકો માટે નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું તથા શહેરના કુપોષિત બાળકોને હોમિયોપેથી દવાનું તેમજ તાજા ફળોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

હોમિયોપેથી એ વૈકલ્પિક ચિકિત્સા પધ્ધતિ છે જેની શોધ ડૉ. સેમ્યુલ હનેમાન દ્વારા કરવામાં આવી હતી. આ ચિકિત્સા પધ્ધતિને વૈકલ્પિક ચિકિત્સા પધ્ધતિ તરીકે સ્વીકારવામાં આવી છે. ગાંધીનગર જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા અને ગાંધીનગર હોમિયોપેથી મેડીકલ એસોસિએશનના સંયુકત ઉપક્રમે તા. ૧૦મી એપ્રિલે વિશ્વ હોમિયોપેથી દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આંગણવાડીના કુપોષિત બાળકો માટે હોમિયોપેથિક ચિકિત્સા કેમ્પ યોજવામાં આવ્યો હતો. સેકટર-૨૪/૧ આંગણવાડી ખાતે યોજાયેલા આ કેમ્પમાં બાળકોની ચકાસણી-નિદાન-હાથ ધરવામાં આવ્યું હતું તથા કુપોષિત બાળકોને જરૂરિયાત મુજબ હોમિયોપેથી દવાઓ અને તાજા ફળોનું નિઃશુલ્ક વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા આયુર્વેદ અધિકારી તથા હોમિયોપેથી વિભાગના ઈન્ચાર્જ ડેપ્યુટી ડાયરેકટર ડૉ. ભાવનાબેન પટેલ તથા મહાનગરપાલિકાના હેલ્થ કો ઓર્ડિનેટર ડૉ. શ્રધ્ધાબેન રાજપૂત, હોમિયોપેથી મેડિકલ ઓફિસર ડૉ. ઘનશ્યામ પ્રજાપતિ, ગાંધીનગર હોમિયોપેથી મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડૉ. વિજયજોગી સહિત કમિટી મેમ્બર્સ વગેરેએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સે-૨૪માં ઉજવાયેલો વિશ્વ હોમિયોપેથી દિવસ આ વિસ્તારની જનતા માટે યાદગાર બની રહ્યો હતો.






**@ગાંધીનગર**

● બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ સમિતિ દ્વારા જયોતિબા ફુલેની ૧૯૧મી જન્મ જયંતિની ઉજવણી રોહિદાસ મંદિર સે-૬ ખાતે સાંજે ૬ થી ૮ કલાક દરમિયાન યોજાશે.

**વાતવાતમાં**

● ગાંધીનગરમાં સીસીટીવી કેમેરા થકી હેલ્મેટ ના પહેરનારા ટુ વ્હીલર ચાલકો અને સીટબેલ્ટ નહી બાંધનારા ફોર વ્હીલર ચાલકોને ઈ-ચલણથી દંડવામાં આવતા હતા. છેલ્લા કેટલાક સમયથી બંધ કરી દેવાયેલ ઈ ચલણની કામગીરી આગામી તા. ૧૫મી એપ્રિલથી પુનઃ કાર્યરત થઈ રહી છે.

# ધીરૂભાઈ ઈન્સ્ટીટયુટ નજીક હોન્ડાસીટી કાર સળગી ઉઠી



ગાંધીનગર, તા.૧૦

શહેરના સેકટર-૩-બી ખાતે રહેતા આર.કે. હાજીપરા આજે સવારે ૧૧ વાગ્યાના અરસામાં પોતાની જીજે સી.જી. ૮૮૪૮ નંબરની હોન્ડા સીટી ગાડી લઈને નીકળ્યા હતાં. ઈન્ફોસીટીથી રીલાયન્સ ચોકડી તરફ જતા ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ નજીક તેમની સીએનજી કાર અચાનક ભડભડ સળગવા લાગી હતી. અચાનક સ્પાર્ક સાથે આગ લાગતા કાર સાઈડમાં કરી આર.કે. હાજીપરા સમય સુચકતા દાખવી કારમાંથી ઉતરી ગયા હતા. ગાંધીનગર ફાયર બ્રિગેડને ઘટનાની જાણ થતા સ્થળ પર ટીમ પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવીને આગ કાબુમાં લઈ લીધી હતી. સદભાગ્યે આ ઘટનામાં કોઈને ઈજા કે જાનહાની થવા પામી ન હતી. નોંધનીય બાબત છે કે ગરમીની શરૂઆત થઈ જતાં સીએનજી ગાડીઓમાં આગ લાગવાના કિસ્સાઓ વધી ગયા છે.

# એસ.પી.એ આકસ્મિક રાઉન્ડ લીધો : પીસીઆર ઈન્ચાર્જ સસ્પેન્ડ

ગાંધીનગર, તા.૧૦

જિલ્લા પોલિસ વડા વિરેન્દ્રસિંહ યાદવ આજે સવારે શહેર વિસ્તારમાં આકસ્મિક રાઉન્ડમાં નીકળ્યા હતા. જોવા કે પોલીસ કેવી કામગીરી કરે છે...! હરતા ફરતા સરગાસણ ચોકડી પાસે પહોંચ્યા ને જોયું તો નિયત પીસીઆર પોઈન્ટ ઉપર પીસીઆર જ ગાયબ હતી. ખ રોડ ઉપર આગળ ગયા ત્યારે આ પીસીઆર ત્યાં જોવા મળી અને તેના ઈન્ચાર્જ કોન્સ્ટેબલ ખાનગી ડ્રેસમાં હતા. બેદરકાર કોન્સ્ટેબલને એસ.પી.એ સસ્પેન્ડ કરી ઈન્કવાયરી આપી અને પીસીઆર ડ્રાઈવરને રોકડ દંડ ફટકાર્યો હતો. પીસીઆરની મળતી સંખ્યાબંધ તોડબાજીની ફરીયાદોને ધ્યાને રાખીને કડક પગલા લેવાયા હોવાનું જાણવા મળ્યું છે. આ કેસમાં પીસીઆર ઈન્ચાર્જ કોન્સ્ટેબલ કેમ ખ-રોડ પર સીસીટીવી કેમેરાથી દુર જઈને બેઠો તે અંગે પણ તપાસ શરુ કરવામાં આવશે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે આજે શહેરમાં આકસ્મિક રાઉન્ડ માર્યો જેમાં પીસીઆરની પોલ ખુલી હતી. શહેરમાં કોઈ પણ સ્થળે કોઈ ઘટના બને એટલે પાંચ જ મિનિટમાં ઘટના સ્થળે પોલીસ પહોંચી જાય તે માટે પીસીઆર વાનને એસ.પી.એ 'કંટ્રોલ'માં રાખી દીધા છે. કવીક રીસ્પોન્સ મળી રહે તે આશયથી પીસીઆરને નિયત પોઈન્ટ આપવામાં આવ્યા છે. પીસીઆર લઈને નીકળતી ટીમો ટ્રક ચાલકો અને ખાસ કરીને પ્રેમી યુગલો પાસે તોડબાજી કરવા નીકળી જતી હોવાની મળતી ફરિયાદોને પગલે તમામ પીસીઆરના પોઈન્ટ મોટા ભાગે સીસીટીવી કેમેરાની સામે મુકવામાં આવ્યા છે. આજે એસ.પી. રાઉન્ડમાં નીકળ્યા ત્યારે સેકટર-૭ પોલિસ સ્ટેશનની પીસીઆર વાન સરગાસણ ચોકડીના પોઈન્ટ પાસેથી ગાયબ જોઈ એસ.પી. ચોંકી ઉઠયા હતા. ખ રોડ ઉપર આગળ આ પીસીઆર ઉભી હતી. પીસીઆર ઈન્ચાર્જ કોન્સ્ટેબલ સંદિપ ગોવિંદભાઈ ખાનગી ડ્રેસમાં હતા. કોન્સ્ટેબલે યુનિફોર્મ પહેર્યો ન હતો અને પોઈન્ટ પરથી અન્ય સ્થળે સીસીટીવી પહોંચી ન શકે તેવા સ્થળે પીસીઆર ઉભી કરી દીધી હતી. આ બાબતને ગંભીરતાથી લઈને એસ.પી. વિરેન્દ્રસિંહે કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરી દીધો છે તે ઉપરાંત પીસીઆરના ડ્રાઈવરને રોકડ દંડ ફટકારવામાં આવ્યો છે. એસ.પી.ના આ કડક પગલાંથી પોલીસ બેડામાં સક્રીય 'કળાબાજ' પોલીસમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

**સરગાસણ ચોકડી પાસેના પોઈન્ટ પરથી પીસીઆર ગાયબ હતી : સે-૭ પોલીસ સ્ટેશનનો કોન્સ્ટેબલ પીસીઆર સાથે ખાનગી ડ્રેસમાં ખ રોડ ઉપર પહોંચી ગયેલો જોવા મળ્યો : ડ્રાઈવરને પણ દંડ ફટકાર્યો પીસીઆરની મળતી તોડબાજીની ફરીયાદોને પગલે લેવાયા કડક પગલા**

# આજે ડૉ. આંબેડકર ભવનમાં પ્રવીણ ગઢવીનું વ્યાખ્યાન

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના દલિત સાહિત્ય વિમર્શ મંચ દ્વારા તા. ૧૧મી એપ્રિલના રોજ સે-૧૨ સ્થિત ડૉ. આંબેડકર ભવનના સમિતિ ખંડ ખાતે ભી.ન. વણકરના પુસ્તક 'યથાર્થ' વિશે પ્રવીણ ગઢવીનું વ્યાખ્યાન યોજાશે. શહેરના સાહિત્ય રસિકોએ આ વ્યાખ્યાનનો લાભ લેવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# પૂરતી મેડીકલ તપાસ વગર સ્વીમીંગ શીખવું જોખમી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના યુવાનો ચેતજો પૂરતી મેડિકલ તપાસ વગર સ્વીમીંગ શિખવું આપણા માટે કયારેક જોખમી સાબિત થઈ શકે છે અને મોજ શોખ માટે સ્વીમીંગની પ્રવૃત્તિ તમારો જીવ પણ લઈ શકે છે. આથી સ્વીમીંગ શીખવા જનાર યુવાનોએ યોગ્ય તબીબ પાસે મેડીકલ ફિટનેસ રીપોર્ટ કરાવવો હિતાવહ છે.

શહેરમાં વાર્ષિક પરીક્ષાઓ પૂર્ણ થઈ ગઈ છે. મા-બાપ અને બાળકો થોડી મુકિતનો શ્વાસ લઈ રહ્યા છે. બાળકો વેકેશનની મજા માણવા અવનવી પ્રવૃત્તિમાં જોડાઈ રહ્યા છે અને કોઈ પણ પ્રકારની પૂર્વ તૈયારી કે અનુભવ વગર બસ સીધે સીધા જ સ્વીમીંગમાં જોડાઈ જાય છે ત્યારે કયારે શોખ ગંભીર બિમારી કે મોતનું કારણ સાબિત થઈ શકે છે.

સ્વીમીંગમાં જોડાવવા ઈચ્છુક યુવાનો ગમે તે ફેમેલી ડૉકટરનું તપાસ વગરનું ફિટનેસ સર્ટી મેળવી લે છે જે અયોગ્ય છે. જેના બદલે નિષ્ણાંત તબીબ પાસે યોગ્ય તપાસ કરી શ્વાસ, ચામડી, કાન, આંખ વગેરે અંગોમાં થતા રોગની તપાસ કરાવીને જ સ્વીમીંગમાં જોડાવવું યોગ્ય છે. અન્યથા કયારેક આ ફીટનેસ રીપોર્ટ કરાવ્યા વગર જ સ્વીમીંગમાં જવું એ જાન લેવા પણ બની શકે છે અથવા તો કોઈ ગંભીર પ્રકારનો ચામડીનો રોગ પણ થઈ શકે છે જેથી કયારેક ઉલમાંથી ચુલમાં પડવાનો વારો આવી શકે છે. આથી સ્વીમીંગમાં જોડાવવા ઈચ્છુક યુવાનોએ સંસ્થાએ માંગેલ ટેસ્ટ અવશ્ય કરાવીને જ જોડાવવું જેથી ભવિષ્યમાં કોઈ મુશ્કેલી ન પડે જે યુવાનો માટે જ હિતાવહ છે.

# ગાંધીનગર સીઆરપીએફ દ્વારા શૌર્ય દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૦

ભારત-પાકિસ્તાન વચ્ચે ૯ એપ્રિલ ૧૯૬૫માં થયેલ ઓપરેશન ડેઝર્ટ હૉકની યાદમાં ગાંધીનગર સી.આર.પી.એફ. દ્વારા ઈતિહાસના વર્ણન અને શહિદોને શ્રધ્ધા સુમન અર્પણ કરવા શૌર્ય દિનની ઉજવણી



કરાઈ હતી. આ કાર્યક્રમમાં વીરતા પુરસ્કાર વિજેતાને સન્માનિત કરી વિવિધ રમત ગમત સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

કેન્દ્રીય રીઝર્વ પોલીસ દળ દ્વારા આ વર્ષે પણ જવાનો દ્વારા રચવામાં આવેલા ઈતિહાસ યાદ કરવા આયોજીત કાર્યક્રમમાં પોલીસ મહાનિરીક્ષક રાજકુમાર, ગાંધીનગર રેન્જના ઉપ મહાનિરીક્ષક સુનીલકુમાર પાર્થ, ગાંધીનગર ગ્રુપ કેન્દ્રના પોલીસ ઉપમહાનિરીક્ષક રાજેશ ઢકરવાલ, કમાન્ડેન્ટ દયાશંકર મિશ્રા તથા અન્ય અધિકારીઓ અને જવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને શહિદોને સલામી આપી શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા. કેન્દ્રીય રિઝર્વ પોલિસ દળ દ્વારા શૌર્ય દિવસ વિષય પર બનાવવામાં આવેલી ટુંકી ફિલ્મ પણ બતાવવામાં આવી હતી ઉપરાંત બાળકો માટે ચિત્ર અને ખેલ-કુદ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# સિવિલની ઓપીડીમાં સ્ટ્રેચર, વ્હીલચેરની અછત : દર્દીઓ હેરાન

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઓપીડી બિલ્ડીંગમાં દરેક ઓપીડી વિભાગ પાસે સ્ટ્રેચર, ટ્રોલી તેમજ વ્હીલચેર મુકવા માટે જગ્યા રાખવામાં આવી છે. પરંતુ આ સ્થળ પર એક પણ વસ્તુ નજર આવતી નથી. દર્દીઓના સગાઓએ ના છુટકે અન્યત્ર જગ્યા પરથી વ્હીલચેર કે સ્ટ્રેચર લાવવાની જરૂરીયાત ઉભી થાય છે. જયારે વ્હીલ ચેર ન મળતા દર્દીઓના સગાઓ અને સ્ટાફ વચ્ચે કયારેક ચકમક ઝરે છે.

રાજયના આરોગ્ય વિભાગમાંથી રાજયના નાગરીકોની સુખાકારી માટે જયાંથી વિવિધ આરોગ્યલક્ષી યોજના અમલમાં મુકવામાં આવે છે. તેનાથી ગણતરીની મિનિટોના અંતરે આવેલ ગાંધીનગર સિવિલમાં જ દર્દીઓને જરૂરીયાત પુરતી પ્રાથમિક સુવિધા પણ સિવિલ તંત્ર પુરું પાડી શકતુ નથી. સિવિલ હોસ્પિટલ અદ્યતન બનતા દર્દીઓનો ધસારો રહે છે. રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ત્યારે ઓપીડી બિલ્ડીંગ અને તાત્કાલીક સારવાર વિભાગમાં જ અત્યંત જરૂરી એવા સ્ટ્રેચર કે વ્હીલચેર માટે દર્દીઓને આમથી તેમ ભટકવુ પડે છે. મિનિટો સુધી રઝળપાટ બાદ માંડ કયાક વ્હીલચેર કે સ્ટ્રેચર નજરે પડે છે. કયારે તો દર્દીના સગા વ્હીલચેર ના મળતા દર્દીને ઉંચકીને લઈ જતા નજરે પડે છે. તાત્કાલીક વિભાગ પાસે વ્હીલચેર તેમજ સ્ટ્રેચર છે તેમાંથી કેટલાક માંડ ચાલી શકે તેવી સ્થિતિમાં છે. જયારે ઓપીડી બિલ્ડીંગ પાસો ઓળખકાર્ડ આપ્યા બાદ વ્હીલચેર મળે છે. એ વ્હીલચેર પરત આવ્યા બાદ બીજા દર્દીને મળે છે. ત્યાં સુધી દર્દીઓને તેમજ સગાઓને રાહ જોવાનો વારો આવે છે.ઓપીડી બિલ્ડીંગમાં નીચે ઓર્થોપેડીક વિભાગ હોવાથી મોટાભાગે ચાલી ન શકે તેવા દર્દીઓ આવે છે. ત્યારે ગણતરીની વ્હીલચેર પણ તંત્ર દ્વારા ઉપલબ્ધ કરાઈ નથી. ત્યારે ઓપીડી બિલ્ડીંગ દરેક વિભાગ પાસે ટ્રોલી, વ્હીલચેર અને સ્ટ્રેચર માટે જગ્યા અનામત રાખવામાં આવી છે. ત્યારે દર્દીના સગા પણ આ સ્થળે જઈને ઉભા રહે છે પરંતુ હાજર સ્ટોકમાં હોય તો વ્હીલચેર આવે નહિતર ના છુટકે અન્યત્રાથી વ્યવસ્થા કરીને દર્દીને લઈ જાય છે. જો ઓપીડી બિલ્ડીંગમાં લખાણ પ્રમાણે વ્હીલચેર અને સ્ટ્રેચર મુકવામાં આવે તો કોઈપણ દર્દી હેરાન ન થાય તેવી વ્યવસ્થા સિવિલ તંત્ર દ્વારા ગોઠવાય તેમ છે. ત્યારે સિવિલમાં વ્હીલચેર અને સ્ટ્રેચર વધુ માત્રામાં આવે તેમ દર્દીઓ તેમજ સગાઓ ઈચ્છી રહ્યા છે.

# ગાંધીનગર પાટીદાર સમાજ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા અંગે સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર સમસ્ત પાટીદાર સમાજના ઉપક્રમે સેકટર-૧૨ સ્થિત ઉમિયા માતાજી સંસ્થાન ખાતે આગામી ૧૫મી એપ્રિલ ૨૦૧૮ના રોજ સ્પર્ધાત્મક પરીક્ષા અંગેનો ફ્રી માર્ગદર્શન સેમિનાર યોજાશે.

ઉમિયા માતાજી સંસ્થાન ખાતે ૧૫મીએ સવારે ૯ થી ૧૨ આ સેમિનારમાં તાજેતરમાં જીપીએસસીમાં સફળ થનાર ડેપ્યુટી કલેકટર, મામલતદાર, ટીડીઓ, સેકશન ઓફિસર વગેરે અધિકારીઓ દ્વારા પરીક્ષાના વિવિધ વિષય સંબંધિત માર્ગદર્શન આપવામાં આવશે.

# ઘ-૨ શૌચાલયની અંડરગ્રાઉન્ડ પાણીની ટાંકી ઉભરાતા પાણીનો વ્યય



ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં પાણી બચાવો ઝુંબેશ ચાલી રહી છે. ત્યારે શહેરના ઘ-૨ પાસે આવેલ પે એન્ડ યુઝના શૌચાલયની પાણીની અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકી ઉભરાતા પાણીનો રેલો છેક રોડ સુધી પહોંચે છે. પાણીનો બગાડ અટકાવવા માટે અનેકવાર રજુઆત કરી હોવા છતા હજુ સુધી પાણીનો બગાડ અટકતો નથી. ત્યારે પાણીનો વ્યય થતો જોઈ નાગરીકો પણ ચિંતિત નજરે પડે છે.

પાણી બચાવો ઝુંબેશ ચાલી રહી છે. આ ઝુંબેશમાં શહેરની સેવાકીય તેમજ સ્વૈચ્છીક સંસ્થાઓ પણ જોડાઈને તંત્રને સાથ અને સહકાર પુરો પાડે છે. ઉનાળાના પ્રારંભે જ પાણીની તંગી સર્જાય તેવી ભિતી સેવાઈ રહી છે. ગુજરાતના કેટલાક ગ્રામ્ય વિસ્તારમાં અત્યારે હાલ પણ પાણી માટે કલાકો સુધી મહિલાઓને ચાલવુ પડે છે. ત્યારે શહેરમાં પણ પાણીનો બગાડ અટકે તે માટે નાગરીકો સતત ધ્યાન રાખી રહ્યા છે. ઘરમાં પણ પાણીનો બગાડ થતો અટકાવી રહ્યા છે. શહેરની કચેરીઓમાં પણ પાણીના લીકેજ બંધ કરાવી દીધા છે. ત્યારે શહેરના હાર્દ સમા ઘ-૨ વિસ્તારમાં આવેલ પે એન્ડ યુઝ શૌચાલયની અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકી આવેલી છે. આ ટાંકી છેલ્લા કેટલાક વખતથી ઉભરાતી જોવા મળે છે. પાણી બંધ કરવામાં ન આવતા પાણી છેક ઘ-૨ ના માર્ગ સુધી પહોંચે છે. સેવાભાવી નાગરીકોએ ટાંકીમાં નળ બંધ કરવા પ્રયત્ન કર્યો ત્યારે ખબર પડી કે અંદર નળ જ નથી. જેથી ટાંકી ભરાઈ ગયા બાદ પણ પાણી સતત ચાલુ રહેતા પાણીના ખાબોચીયા ભરાય છે. પાણીનો બગાડ થતો હોવાથી મનપા તંત્રને પણ અનેકવાર રજૂઆત કરાઈ છે છતા હજુ સુધી પાણીનો થતો બગાડ અટકયો નથી. ત્યારે તંત્ર દ્વારા તાત્કાલીક અસરથી પાણીનો થતો વ્યય અટકે તેવી નાગરીકોની લાગણી અને માંગણી છે.

# એનસીસી કેડેટસ માટે ચારિત્ર્ય નિર્માણ અને નેતૃત્વ વિકાસ અંગે વર્કશોપ યોજાયો

## પીડીપીયુ ખાતે યોજાયેલા વર્કશોપમાં ૬૦૦ જેટલા યુવા એનસીસી કેડેટસે ભાગ લીધો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી ખાતે તાજેતરમાં એનસીસીનો ચરિત્ર નિર્માણ અને લીડરશીપ વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપમાં અમદાવાદ એનસીસી ગ્રુપના ૬૦૦ જેટલા કેડેટસે ભાગ લીધો હતો. આ પ્રસંગે એનસીસીના પૂર્વ ડીજી લેફટનન્ટ જનરલ વિનોદ વશિષ્ટ તથા મોટીવેશનલ વકતા અંકિત તિવારીએ સંબોધન કર્યું હતું.

સુદૃઢ રાષ્ટ્રના નિર્માણ માટે દરેક નાગરિકે પોતાનો સકારાત્મક સહયોગ આપવો જરુરી છે. આ બાબતે યુવામાં જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશથી ચરિત્ર નિર્માણ અને લીડરશીપ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપ દ્વારા વ્યકિતના આંતરિક વિકાસ સાથે બૌધ્ધિક, સામાજિક અને ચારિત્ર્યલક્ષી વિકાસને પણ બળ મળવા પામ્યું હતું. જનરલ વશિષ્ટે આ પ્રસંગે કેડેટસ સાથે વાત કરતા જણાવ્યું હતું કે 'વ્યકિતએ જીવનમાં પોતાની કરણી અને કથની વચ્ચેના તફાવતને સમજી લેવો અત્યંત જરુરી છે.' તેમણે આધ્યાત્મિકતા સાથે નેતૃત્વના ગુણો અંગે વાત કરી હતી અને વસ્ત્રો નહિ વિચારોમાં આધુનિકતા અપનાવવા પર ભાર મુકવાનું જણાવતા સશસ્ત્ર દળોમાં કારકિર્દીની તકો અંગે પણ પ્રકાશ પાડયો હતો.



આ પ્રસંગે ઉપસ્થિત એનસીસીના એડિશનલ ડીજી મેજર જનરલ સુભાષ શરણે વકતાઓનો પરિચય આપતા કેડેટસને રાષ્ટ્ર નિર્માણ અને ચારિત્ર્ય વચ્ચેના સંબંધનો સમજાવ્યો હતો. મોટિવેશનલ સ્પિકર અંકિત તિવારીએ લક્ષ્ય સાધના સાથે સફળતા માટે હેતુલક્ષી આત્મ વિશ્વાસ કેળવવા પર ભાર મુકયો હતો. આ પ્રસંગે પીડીપીયુની સ્કૂલ ઓફ લીબરલ સ્ટડીઝના ડાયરેકટર પ્રો. નિગમ દવએ એનસીસી કેડેટસના જુસ્સા તથા તાકાતની પ્રસંશા કરતા આભારદર્શન વ્યકત કર્યું હતું. તેમજ શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર વર્કશોપના આયોજન માટે લેફટનન્ટ અનિલકુમાર મરકાના અને લેફટનન્ટ ખુશાલી પુરોહિતે જહેમત ઉઠાવી હતી. વર્કશોપના સમાપને કેડેટસે આ વર્કશોપ ખુબ પ્રેરણાદાયી રહ્યો હોવાનું જણાવતા વ્યકિતગત અને સામાજિક જવાબદારીના સંદેશને પ્રસારાવવાની કટિબધ્ધતા વ્યકત કરી હતી.

# મોટી આદરજમાંથી દેશી દારૂ સાથે એક ઝડપાયો

ગાંધીનગર, તા.૧૦

પેથાપુર પાસેના મોટી આદરજ ગામમાં ગરબાવાળા પરુ વિસ્તારમાં દેશી દારૂ વેચાતો હોવાની માહિતી આધારે પેથાપુર પોલીસે ગઈ કાલે દરોડો પાડયો હતો. પેથાપુર પોલીસે દરોડો પાડીને કેશાજી આતાજી ઠાકોરને બે લીટર દેશી દારૂની પોટલીઓ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ કાન્તાબેન ગણપતભાઈ, ઉ.વ. ૮૪
- સ્વ. ચૌહાણ આશીષકુમાર બીપીનભાઈ, ઉ.વ. ૪૨
- સ્વ. જશુભાઈ ભીખાભાઈ સોલંકી, ઉ.વ. ૫૯
- સ્વ. વિજયભાઈ મોહનભાઈ મકવાણા, ઉ.વ. ૩૫
- સ્વ. ઠાકોર રામજીભાઈ આત્મારામભાઈ, ઉ.વ. ૫૬
- સ્વ. બારોટ આનંદીબેન મણીલાલ, ઉ.વ. ૮૦